# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૨૭/૦૪/૨૦૨૪

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા મિશન ૮૪ અંતર્ગત પેરુ અને બોલિવિયાના ભારતીય રાજદૂત તથા પેરુ ઓફિશિયલ્સ સાથે ઓનલાઇન મિટીંગ યોજાઇ

**પેરુમાં મિલ્ક તથા તેના સંબંધિત પ્રોડકટને એક્ષપોર્ટ કરવા સુરતના કૃષિ તેમજ ફૂડ પ્રોસેસિંગ ઇન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા ઉદ્યોગ સાહસિકોને વિપુલ તકો**

**પેરુમાં ભારતની મદદથી દુધ તથા મિલ્ક પ્રોડકટના ઉત્પાદન માટે ગર્વમેન્ટ ડેરી પ્રોડકટ પ્લાન્ટ નાંખવા પેરુ ઓફિશિયલ્સે તૈયારી દર્શાવી**

**ચેમ્બર ઓફ કોમર્સના મિશન ૮૪ અંતર્ગત પ્રથમવાર બે દેશની ગર્વમેન્ટ ઓથોરિટીને જોડીને પ્રોજેકટ સાકાર કરવા માટે પ્રયાસો કરવામાં આવ્યા**

**પેરુ સ્થિત ભારતીય રાજદૂતે ચેમ્બર ઓફ કોમર્સને ગુજરાતમાં ડેરી ઉદ્યોગના માંધાતાઓ સાથે મિટીંગ ગોઠવવા કરેલા અનુરોધને પગલે આ મિટીંગ યોજાઇ હતી**

**ચેમ્બર પ્રમુખ રમેશ વઘાસિયાએ પેરુ સ્થિત ભારતીય રાજદૂતને મિશન ૮૪થી વાકેફ કરી સુરતના ઉદ્યોગકારો સાથે બિઝનેસ મીટ કરવા સુરત પધારવા આમંત્રણ આપ્યું**

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ અંતર્ગત શુક્રવાર, તા. ૨૬ એપ્રિલ ૨૦૨૪ના રોજ રાત્રે ૮:૦૦ કલાકે પેરુ અને બોલિવિયા દેશોના ભારતીય રાજદૂત હિઝ એકસલન્સી શ્રી વિશ્વાસ સપકાલ તથા પેરુના ગર્વમેન્ટ ઓફિશિયલ્સ અને સુરત સહિત ગુજરાતના ડેરી ઉદ્યોગના અગ્રણીઓ તેમજ ગર્વમેન્ટ ઓથોરિટી સાથે ઓનલાઇન મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા મિશન ૮૪ અંતર્ગત ફેબ્રુઆરી– ૨૦૨૪ દરમ્યાન પેરુ સ્થિત ભારતીય રાજદૂત શ્રી વિશ્વાસ સપકાલે સાથે ઓનલાઇન મિટીંગ યોજાઇ હતી, જેમાં શ્રી વિશ્વાસ સપકાલેએ ચેમ્બર ઓફ કોમર્સને ગુજરાતના ડેરી ઉદ્યોગના માંધાતાઓ સાથે મિટીંગ કરાવવા માટે અનુરોધ કર્યો હતો. જેને પગલે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આ ઓનલાઇન મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના ડેરી ઉદ્યોગના માંધાતાઓ તેમજ ગર્વમેન્ટ ઓફિશિયલ્સને જોડવામાં આવ્યા હતા.

ઓનલાઇન મિટીંગમાં પેરુ અને બોલિવિયા દેશોના ભારતીય રાજદૂત હિઝ એકસલન્સી શ્રી વિશ્વાસ સપકાલ, પેરુમાં લીમાના સંસદ સભ્ય સુશ્રી સગરેટ બઝાનના સલાહકાર તેમજ મિનિસ્ટ્રીના ડિપ્લોમેટ્સ શ્રી કાર્લોસ વાલવેર્ડે, ડાયરેકટોરેટ જનરલ ઓફ લાઇવસ્ટોક ડેવલપમેન્ટના ડાયરેકટર જનરલ સુશ્રી બેલેન મોન્ટોયા, કો–ઓપરેશન એન્ડ ઇન્ટરનેશનલ અફેર્સના એનાલિસ્ટ શ્રી સરગિયો કેબ્રેરા, પેરુના અગ્રણી બિઝનેસમેન શ્રી માર્ગારીના રોમેરો, પેરુના કૃષિ મંત્રાલયના શ્રી માર્કો એ. એન્સીકો તથા તેમની ટીમ, ભારતના ડેરી મંત્રાલય હેઠળ આવતા નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડના ચેરમેન ડો. મીનેષ શાહ અને પાલનપુરના બનાસ ડેરીના સીઇઓ શ્રી અક્ષાંશ કોચર જોડાયા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયાએ આ મિટીંગમાં સર્વેને આવકાર્યા હતા અને ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીના ડેવલપમેન્ટ માટે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા કરવામાં આવતી ઔદ્યોગિક પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી. મિશન ૮૪ની વિગતો આપતા તેમણે જણાવ્યું હતું કે, ભારતના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વર્ષ ૨૦૨૭ સુધીમાં ભારતને ૫ ટ્રિલિયન યુએસ ડોલર ઇકોનોમી બનાવવાનું લક્ષ્ય રાખ્યું છે અને એના માટે ભારતના ઉદ્યોગકારોને ૧ ટ્રિલિયન યુએસ ડોલરનો એક્ષ્પોર્ટ કરવા માટેનો ટારગેટ આપ્યો છે. વડાપ્રધાનના આ લક્ષ્યને પૂર્ણ કરવા માટે તેમજ ભારતને આર્થિક રીતે વધુ મજબૂત બનાવવાના હેતુથી ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ અંતર્ગત ઓનલાઇન ઇન્ટરનેશનલ પ્લેટફોર્મ બનાવવામાં આવ્યું છે, જેની સાથે ભારતના ૮૪,૦૦૦ ઉદ્યોગકારો અને વિશ્વના જુદા–જુદા દેશોના ૮૪,૦૦૦ બિઝનેસમેનોને ઓનબોર્ડ કરી ભારતથી રૂપિયા ૮૪,૦૦૦ કરોડના એક્ષ્પોર્ટ માટે પ્રયાસ કરવામાં આવી રહયો છે.

ચેમ્બર પ્રમુખે પેરુ સ્થિત ભારતીય રાજદૂત શ્રી વિશ્વાસ સપકાલને સુરતથી વિવિધ પ્રોડકટને પેરુ ખાતે એક્ષ્પોર્ટ કરી શકાય તે માટે પેરુમાં કઇ કઇ પ્રોડકટની જરૂરિયાત છે તેની વિગતો આપવા માટે વિનંતી કરી હતી. તેમણે પેરુમાં ગર્વમેન્ટ ઓફિશિયલ્સ તેમજ ત્યાંના બિઝનેસમેનો સાથે રૂબરૂ મિટીંગ ગોઠવી શકાય તો તેના માટે પણ ભારતીય રાજદૂતને નમ્ર અનુરોધ કર્યો હતો. પેરુ સ્થિત ભારતીય રાજદૂત શ્રી વિશ્વાસ સપકાલે મિશન ૮૪ જેવા મહત્વાકાંક્ષી પ્રોજેકટ માટે ચેમ્બર પ્રમુખને અભિનંદન આપ્યા હતા. ત્યારબાદ તેમણે ભારતથી પેરુમાં થતા ઇમ્પોર્ટ અને પેરુથી ભારતમાં થતા એક્ષ્પોર્ટ વિશે આંકડાકીય માહિતી આપી હતી.

## ભારત અને પેરુ વચ્ચે ૩.૬૨ બિલિયન યુએસ ડોલરનો વેપાર

પેરુ સ્થિત ભારતીય રાજદૂત શ્રી વિશ્વાસ સપકાલે જણાવ્યું હતું કે, ભારત અને પેરુ વચ્ચે ૩.૬૨ બિલિયન યુએસ ડોલરનો વેપાર થાય છે. બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય વેપારીક સંબંધો દર વર્ષે સ્થિર ગતિએ વધી રહયા છે, જેને વધારવા માટે બંને દેશો દ્વારા પ્રયાસ કરવામાં આવી રહયો છે. ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટથી બંને દેશો વચ્ચેના વેપારને બેથી ત્રણ ગણા વધારવા માટે મદદરૂપ થશે. વર્ષ ૨૦૨૨માં, પેરુએ ભારતમાં ૨.૨૨ બિલિયન યુએસ ડોલરના માલની નિકાસ કરી હતી. પેરુથી ભારતમાં નિકાસ કરાયેલા મુખ્ય ઉત્પાદનોમાં ગોલ્ડ અને કોપર હતા. વેપારના અંદાજ મુજબ, પેરુની ભારતમાં નિકાસ બાસ્કેટ વાર્ષિક ૨૫.૫ ટકાના દરે વધી છે, જે વર્ષ ૧૯૯૫માં ૪.૮૪ મિલિયન યુએસ ડોલરથી વધીને વર્ષ ૨૦૨૨માં ૨.૨૨ બિલિયન યુએસ ડોલર થઇ ગઇ છે. જ્યારે ભારતથી પેરુમાં મિનરલ્સ, બાસમતિ રાઇસ અને એગ્રીકલ્ચર પ્રોડકટની નિકાસ થાય છે.

તેમણે જણાવ્યું હતું કે, પેરુમાં સૌથી વધુ માંગ દુધ અને તેના સંબંધિત વિવિધ પ્રોડકટની છે. માઉન્ટેન એરિયાથી મિલ્ક આવે છે પણ તેનું પ્રમાણ ખૂબ જ ઓછું હોય છે, આથી પેરુ મિલ્ક પાવડર ન્યુઝીલેન્ડ, યુએસએ અને નેધરલેન્ડથી ઇમ્પોર્ટ કરે છે. તેમણે કહયું હતું કે, પેરુમાં મિલ્ક તથા તેના સંબંધિત વસ્તુઓના ઉત્પાદન માટે ભારતથી અમુલ તથા અન્ય સહકારી સંસ્થાઓના મદદથી પાયલટ પ્રોજેકટ શરૂ કરવાની વિચારણા ચાલી રહી છે અને તેના માટે તેમણે ભારતથી નિષ્ણાંતોની ટીમને પેરુ ખાતે આમંત્રિત કરી હતી. જ્યારે પેરુથી નિષ્ણાંતોની ટીમ ભારત આવીને અભ્યાસ કરે તે માટે અનુરોધ કર્યો હતો.

## પેરુ ખાતે દુધ તથા મિલ્ક પ્રોડકટના ઉત્પાદન માટે ગર્વમેન્ટ ડેરી પ્રોડકટ પ્લાન્ટ નાંખી શકાય

નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડના ચેરમેન ડો. મીનેષ શાહે જણાવ્યું હતું કે, ભારત એ આખા વિશ્વમાં સૌથી વધુ દુધ ઉત્પાદક દેશ છે અને આખા વિશ્વને દુધ આપી શકે તે દિશામાં પ્રયાસ કરી રહયો છે. ભારતમાં સ્મોલહોલ્ડર ડેરી સિસ્ટમ યુનિક કામ કરી રહી છે, જે નાના દુધ ઉત્પાદક ખેડૂતો માટે કારગર સાબિત થઇ છે. આણંદ સહિત ગુજરાત અને ભારતમાં પેરુથી ૧૦૦ ગણું વધારે મિલ્ક બને છે. ૧૦ કરોડ પરિવાર ડેરી પ્રોડકટની સાથે સંકળાયેલા છે. બનાસકાંઠામાં સ્થાનિક ખેડૂતો માટે દુધ જ તેઓની આવક માટેનું પ્રાથમિક સ્ત્રોત છે. દુધ અને ડેરી પ્રોડકટનું નેશનલ જીડીપીમાં ૩ ટકા જેટલું યોગદાન છે. ભારત સરકાર દ્વારા દુધ આપતા પશુઓ માટે નેશનલ ડિસીઝ કન્ટ્રોલ પ્રોગ્રામ લોન્ચ કરાયો છે. હવે કાઉ ટુ કન્ઝયુમર પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહયું છે.

તેમણે જણાવ્યું હતું કે, ભારતમાં જે રીતે અમુલ દ્વારા પ્લાન્ટ નાંખવામાં આવ્યો હતો એવી રીતે વિદેશી કંપનીઓ પણ ભારતમાં પ્લાન્ટ નાંખવા માગે છે. દુધ તથા તેના સંબંધિત પ્રોડકટના ઉત્પાદન માટે ભારત દ્વારા શ્રીલંકા ખાતે ગર્વમેન્ટ ડેરી પ્રોડકટ પ્લાન્ટ નાંખી જોઇન્ટ વેન્ચર કંપની શરૂ કરી છે. એવી જ રીતે હવે કેન્યા ખાતે પણ દુધાળા પશુઓ માટે વેકસીન મેન્યુફેકચરીંગ અને ડેરી ઇકવીપમેન્ટના ઉત્પાદન માટે પ્લાન્ટ સ્થાપવાની તૈયારી ચાલી રહી છે. નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ અને અમુલની ટીમે કેન્યા ખાતે વિઝીટ પણ કરી હતી. આ દિશામાં તેમણે પેરુ ખાતે પણ દુધ તથા મિલ્ક પ્રોડકટના ઉત્પાદન માટે ગર્વમેન્ટ ડેરી પ્રોડકટ પ્લાન્ટ નાંખી જોઇન્ટ વેન્ચર કંપની શરૂ કરી શકાય છે તેમ જણાવ્યું હતું.

## ભારતની મદદથી પેરુમાં મિલ્ક પ્રોડકશન કરવા પેરુ ગર્વમેન્ટના ઓફિશિયલ્સ તત્પર

પેરુમાં લીમાના સંસદ સભ્ય સુશ્રી સગરેટ બઝાનના સલાહકાર તેમજ મિનિસ્ટ્રીના ડિપ્લોમેટ્સ શ્રી કાર્લોસ વાલવેર્ડે જણાવ્યું હતું કે, ભારત પેરુ ખાતે દુધ તથા મિલ્ક પ્રોડકટના ઉત્પાદન માટે મદદ કરી શકે તેમ છે. આથી તેમણે ભારત અને પેરુ વચ્ચે કરાર કરવા માટે તૈયારી દર્શાવી હતી. જ્યારે પેરુના અગ્રણી બિઝનેસમેન શ્રી માર્ગારીના રોમેરોએ જણાવ્યું હતું કે, તેઓ ભારતની મદદથી પેરુમાં મિલ્ક પ્રોડકશન કરવા તત્પર છે. પેરુના કૃષિ મંત્રાલયના શ્રી માર્કો એ. એન્સીકોએ જણાવ્યું હતું કે, પેરુના કૃષિ મંત્રાલય અને ભારતીય દૂતાવાસની ટીમ સાથે મળીને ભારતની મદદથી પેરુમાં મિલ્ક પ્રોડકશન માટે કામ કરશે અને આ દિશામાં આગળ વધશે. પાલનપુરની બનાસ ડેરીના અક્ષાંશ કોચરે જણાવ્યું હતું કે, દુધ ઉત્પાદન માટે નાના ખેડૂતોની પ્રોડકટીવિટી વધારવી પડશે. સાથે જ દુધ આપતા પશુઓનું બ્રિડીગ અને કેટલ ફીડ પ્લાન્ટ પણ વધારવા પડશે.

## પેરુ સ્થિત ભારતીય રાજદૂતે સુરતના ઉદ્યોગકારો સાથે વન ટુ વન બિઝનેસ મીટ કરવા સુરત આવવા ચેમ્બર ઓફ કોમર્સનું આમંત્રણ સ્વીકાર્યું

ચેમ્બર ઓફ કોમર્સના મિશન ૮૪ના કો–ઓર્ડિનેટર શ્રી સંજય પંજાબીએ પેરુ સ્થિત ભારતીય રાજદૂતને સુરતના ઉદ્યોગકારોને બિઝનેસની તકો પૂરી પાડવાના હેતુથી પેરુના ગર્વમેન્ટ ઓફિશિયલ્સ તેમજ ત્યાંના બિઝનેસમેનોના ડેલીગેશનને સુરત ખાતે ચેમ્બર ઓફ કોમર્સ તેમજ વિવિધ ઉદ્યોગ – ધંધાની મુલાકાતે તેમજ સુરતના ઉદ્યોગકારો સાથે વન ટુ વન બિઝનેસ મીટ કરવા માટે આમંત્રણ આપ્યું હતું, જેનું પેરુ સ્થિત ભારતીય રાજદૂતે સહર્ષ સ્વીકાર કર્યો હતો. મિશન ૮૪ના સીઇઓ શ્રી પરેશ ભટ્ટે સમગ્ર મિટીંગનું સંચાલન કર્યું હતું અને અંતે સર્વેનો આભાર માની મિટીગનું સમાપન પણ કર્યું હતું.